Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રણમલ્લછંદ અને તેનો સમય

મૌ. સૈ. અબુઝફર નદવી

રણમલ્લછંદ અને તેનો સમય

४१ ग
१२

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ओ३म् ॐ

पुस्तक-संख्या ४१५/१२

पंजिका-संख्या २१६८२/२५-३-२०१३

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સંશોધન ગ્રંથમાળા–ગ્રંથાંક ૧૮
ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ
કુલપતિ : ડૉ. આચાર્યશ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ

રણમલ્લછંદ અને તેનો સમય

ઐતિહાસિક સમાલોચના



મા. સૈયદ અબુઝફર નદવી
મૌલવી-સંશોધન વિભાગ
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી

સ્ટાક પ્રમાણીકરણ ૧૯૮૪-૧૯૮૫



પ્રકાશક
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક: રસિકલાલ છો. પરીખ, અધ્યક્ષ, ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ,
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ભદ્ર, અમદાવાદ.

વિ. સં. ૧૯૯૮ આવૃત્તિ પહેલી ઈ. સ. ૧૯૪૧
પ્રત ૫૦૦

કીમત ચાર આના

મુદ્રક: સોમાભાઇ મંગળદાસ શાહ, ગુજરાત પ્રિંટિંગ પ્રેસ; ચાર રસ્તા–અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિ વે દ ન

ગુજરાત વર્નાકયુલર સોસાયટીએ ગુજરાતી ભાષા દ્વારા ઉચ્ચ અભ્યાસ અને સંશોધનને ખીલવવા કેટલાક સમયથી પ્રવૃત્તિ આદરી, તેને અંગે કેટલાક વિદ્વાનોને ગ્રંથો લખવાનું કામ પણ સોંપ્યું હતું. ૧૯૩૯ના માર્ચમાં મુંબઈ સરકારે નીચે જણાવેલી યોજના મંજૂર કરી દેણગી આપી હતી:

૧. **ભાષા અને સાહિત્ય** (Language & Literature)
   ૧. ગુજરાતી ભાષાનો ઇતિહાસ, એનો ઊગમ અને ક્રમિક કક્ષાઓમાં વિકાસ,
   ૨. ગુજરાતી છંદઃશાસ્ત્રનો અધ્યયનાત્મક નિબંધ,
   ૩. જૂની ગુજરાતીના શિષ્ટ ગ્રંથોનું સંપાદન (સોસાયટીના હાથપ્રત-સંગ્રહ તથા બીજેની હાથપ્રતોને આધારે);

૨. **ઇતિહાસ** (History)
   ૧. ઇતિહાસ-સાધનગ્રંથો,
   ૨. ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ (સચિત્ર);

સમાજશાસ્ત્ર (Sociology)
૧. ગુજરાતની ભિન્ન ભિન્ન જાતિઓ ઉપર નિબંધ.

તે અન્વયે આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજ૦ વર્ના૦ સો૦
અમદાવાદ
તા. ૨૨-૧૨-૧૯૪૧

રસિકલાલ છો. પરીખ
અધ્યક્ષ,
ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ

પુસ્તકાલય
ગુરુકુલ કાંગડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

વિષય	પૃષ્ઠ
નિવેદન	૩
અનુક્રમણિકા	૪
પ્રમાણસૂચી	૫
રણમલ્લ છંદ અને તેનો સમય	૧-૧૯
શબ્દસૂચી...	૨૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણસૂચી

આ સમાલોચના તૈયાર કરવામાં પ્રમાણ તરીકે જે ગ્રંથો લેવામાં આવ્યા છે, તેની યાદી આ ગ્રંથના વાક્યખંડવાર અહીં અલગ આપવામાં આવી છે. તેનો સંબંધ કયાં છે એ બતાવવા પ્રથમ પૃષ્ઠનો અંક, પછી પંક્તિનો અંક, અને પછી તે પંક્તિમાંનો શબ્દ આપવામાં આવ્યો છે. ત્યાં ત્યાં આ પ્રમાણો અનુસંધિત કરવાં.

પૃ.	પં.	શબ્દ	પ્રમાણગ્રંથ
૩	૧૭	ભાગે	ઝફરૂલવાલા, ભા. ૨, પૃ. ૭૯૯ (લંડન)
,,	૨૫	સૌરાષ્ટ્ર	તબકાતે શીરોઝશાહી બરની
૪	૭	પયરાઇ	સફરનામા-ઇબ્નબતુતા, ભા. ૨ (મિસર) (પ્રકરણ-ગુજરાતમાં અશાંતિ)
,,	૧૫	હતો	તારીખે શીરોઝશાહી-સિરાજ અફીફ (કલકત્તા)
,,	૨૬	ગયો	એજન, પૃ. ૨૨૫ (,,)
૫	૮	રહી	એજન, પૃ. ૨૨૧ (,,)
૬	૩	હતા	એજન, પૃ. ૪૬૦ (,,)
,,	૧૨	લીધા	એજન, પૃ. ૪૮૬ (,,)
,,	૧૫	લૂંટમાર	એજન, પૃ. ૪૮૫ (,,)
૭	૨૩	૧૩૭૯	એજન, પૃ. ૪૯૭ (,,)
૮	૧૦	ગઇ	ઇલિયટનો ઇતિહાસ-ભા. ૩, પૃ. ૩૪૫-૮૮
,,	૨૦	ગયા	તારીખે શીરોઝશાહી-સિરાજ અફીફ પૃ. ૫૦૨ (કલકત્તા)
૯	૪	મુલ્ક	પરિશિષ્ટ-મિરાતે અહમદી, પૃ. ૨૨, (મુંબઈ)
,,	૨૬	આવતા	મસાલિકુલ અબ્સાર, ભા. ૨, (પ્રકરણ ૨-તઘલખ સુલ્તાન) (મિસર)
૧૦	૨૨	હતો	તારીખે-ફરિસ્તા, ભા. ૧, (પ્રકરણ-શીરોઝશાહ વિશેની હકીકતો) (નવલકિશોર)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃ.	પં.	શબ્દ	પ્રમાણગ્રંથ
૧૧	૨	લાગ્યે!	એજન
૧૧	૬	દેવો	તબકાતે અકબરી, પૃ. ૧૧૯ (,,) ભાગ ૧
૧૨	૧૦	ગયો	તારીખે-ફરિસ્તા, ભા. ૧; તબકાતે અકબરી, ભા. ૧
,,	૨૩	પડ્યો	ફરિસ્તા, ભા. ૧
૧૩	૧૦	બેઠો	એજન; તબકાતે અકબરી, ભા. ૧, (પ્રકરણ-ફરિસ્તા) (બંને નવલકિશોર)
,,	૨૪	લાગ્યો	ફરિસ્તા, ભા. ૨, પૃ. ૨૪૬ (,,)
૧૪	૨	બેસાડ્યો	એજન
,,	૧૧	મોકલી	તબકાતે અકબરી; તારીખે ફરિસ્તા, ભાગ ૨ (પ્રકરણ-ગુજરાત)
,,	૧૯	પડ્યો	મિરાતે સિકંદરી, પૃ. ૧૦ (મુંબઇ)
૧૫	૨૭	પડતી	ઝફરૂલવાલા, ભા. ૧, (લંડન) (પ્રકરણ મોહમ્મદશાહ અને કુતુબુદ્દીન વચ્ચે માળવામાં લડાઇ)
૧૬	૧૭	હતો	નિગારિસ્તાન-હસ્તલિખિત કુતુબખાન એ-હબીબગંજ-(અલીગઢ)
૧૭	૩	હતો	ફીરોઝશાહી, સિરાજ અફીફ, પૃ. ૨૨૫ (કલકત્તા)
,,	૧૪	કર્યો	એજન, પૃ. ૨૭૧ (,,)
૧૮	૧	હતું	ઝફરૂલવાલા, ભા. ૨, પૃ. ૭૯૯ (લંડન)
૧૯	૫	હતો	મિરાતે મોહમ્મદી, પૃ. ૫૨ (મુંબઇ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રણમલ્લછંદ અને તેનો સમય

ઐતિહાસિક સમાલોચના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. ઇસ્લામી જમાનામાં ગુજરાતમાં જે નાઝિમો[૧] થઇને આવ્યા તેમની સાથે લડી ઇડરના રાજાએ જે વિજયો પ્રાપ્ત કરેલા તે જીતોનું વર્ણન 'રણમલ્લછંદ'માં કરવામાં આવ્યું છે.

ઈ. સ. ૧૨૯૭ (હિ. સ. ૬૯૭)માં અલાઉદ્દીન મોહમ્મદશાહ ખલજીએ ગુજરાત જીત્યું. તે વખતથી ગુજરાતની વ્યવસ્થા કરવા મુસલમાન બાદશાહો તરફથી એક નાઝિમ રહેવા લાગ્યો.

તે કાળે ગુજરાત અને કાઠિયાવાડમાં સંખ્યાબંધ નાનામોટા જમીનદારો, ઠાકોરો અને રાજાઓ હતા. તેમાંના કેટલાક સ્વતંત્ર જ્યારે બાકીનાઓ ખંડિયા હતા. ખંડિયા રાજાઓની વર્તણુક એ પ્રકારની હતી કે ઝબરદસ્ત નાઝિમને તો તેઓ ખંડણી વસુલ આપતા પણ નબળાને જોઈ લડાઇ લડવા તૈયાર થઈ જતા. ઇડરનો રાજા એ જાતના રાજાઓમાંનો એક હતો. લાચારી વખતે તો તે ખંડણી ભરતો; બાકી હમેશાં લડાઈ માટે તૈયાર રહેતો.

ઇડરનું રાજ્ય નાનકડો પહાડી મુલક છે. આ જ પહાડને કારણે તેની સ્થિતિ નિત્ય સુરક્ષિત રહેતી. અને તેથી તે પોતાને દુશ્મનોથી મોટે ભાગે હમેશાં બચાવેલો રાખતો.

ઈ. સ. ૧૩૨૧માં ખલજી વંશ પછી તઘલખ વંશ સત્તામાં આવ્યો. તે વંશે લગભગ સો વર્ષ સુધી રાજ્ય કર્યું.

૨. આ વખતે ગુજરાતની ચતુઃસીમા આ રીતની હતીઃ ઉત્તરમાં કચ્છના રણથી લઈ થાણા સુધી, પછી દક્ષિણમાં ધોળકા, ધંધુકા થઈ દરિયાને કિનારે કિનારે સોમનાથ સુધીના તમામ પ્રદેશો મુસલમાનોના કબજામાં હતા. પૂર્વમાં શિરોહી, મેવાડ, ખાનદેશ અને નાશિકના જિલ્લાઓ સુધી ગુજરાતની હદ હતી. પશ્ચિમમાં ઝાલાવાડ અને કાઠિયાવાડ ઇસ્લામીઓના કબજામાં હતાં અને સૌરાષ્ટ્ર તેમની અસર નીચે હતું.

---

૧. સૂબો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
મોહમ્મદ તઘલખના રાજ્યકાળમાં ગુજરાતમાં મલિક સદા અને મલિક તગી (મોગલો)ને લીધે ઘણા બળવા થયા. પરિણામે જાનમાલને બેહદ નુકસાન પહોંચેલું.

પાટણ, કડી, વડોદરા, ભરૂચ, ડભોઇ, ખંભાત વગેરે તે વખતે બળવાખોરોનાં કેન્દ્રો ગણાતાં; પણ હસન બ્રાહ્મણીએ ગુલબર્ગમાં સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરતાં, ગુજરાતમાં સુલેહશાંતિ પથરાઇ.

સુલ્તાન મોહમ્મદ તઘલખના છેવટના વખતમાં ગુજરાતના નાઝિમના પદે નિઝામુલ મુલ્ક નામનો બહાદુર તુર્ક આવ્યો. તેની હકૂમત ઈ. સ. ૧૩૪૫થી ઈ. સ. ૧૩૬૩ સુધી રહી.

તેનું મૂળ નામ હુસેન બિન મીરાન હતું. તે ઘણો લાયક પુરુષ હતો. એ જ કારણે તેણે અઢાર વર્ષ સુધી રાજ્ય કર્યું. વ્યક્તિગત રાજ્યતંત્રમાં કોઇ એક જ પ્રાંતના અધિકારી તરીકે આટલા લાંબા વખત સુધી ટકી રહેવું એ જ એ વાતની દલીલ છે કે તે ઉત્તમ કાબેલિયત ધરાવનાર એક હાકેમ હતો.

ઈ. સ. ૧૩૬૨ (હિ. સ. ૭૬૪)માં સુલ્તાન ફીરોઝશાહ તઘલખ કચ્છનું રણ પાર કરી ત્રાસ પોકરાવતો સિંધથી ગુજરાત પહોંચ્યો. સુલ્તાનને રાજી રાખવા ગુજરાતના નાઝિમ નિઝામુલ મુલ્કે કોશિશ કરી; પરંતુ બાદશાહે તેને પદચ્યુત કરી તે જગ્યાએ ઝફરખાનને નવો હાકેમ બનાવ્યો.

૩. ઝફરખાન ફારસી બંગાળાનો વતની હતો. તેનો શ્વશુર એ જ પ્રાંતનો નાઝિમ હતો. દુશ્મનોને હાથે તે એકાએક માર્યો ગયો. ઝફરખાન ત્યાંથી નાસી દિલ્હી આવ્યો. બાદશાહે તેની ઘણી કદર કરી; નાયબ વઝીરનો હોદ્દો આપ્યો. પછી તેને ગુજરાતનો નાઝિમ બનાવ્યો. ગુજરાતમાં લગભગ આઠ વર્ષ હકૂમત કરી ઈ. સ. ૧૩૬૯માં તે ગુજરી ગયો. બાપના મરણ પછી તેનો દીકરો દરિયાખાન ગુજરાતનો હાકેમ બન્યો. તેને પણ 'ઝફરખાન રૂમ'નો ખિતાબ આપવામાં આવ્યો. પોતાના બાપનો તે એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાયક પુત્ર હતો. તેણે ગુજરાત પર એવી ખૂબીથી હકૂમત કરી કે આખા ગુજરાતમાં સુલેહશાંતિ પ્રસરી રહી. આસપાસનાં પાડોશી રાજ્યો તેનાથી બીવા લાગ્યાં.

૪. જૂના નિઝામુલ મુલ્કના વખતમાં ગુજરાતની આમદાની બે કરોડ ટંકાની હતી. તેના પછી આવનારાઓએ મુલકની ઊપજ ટકાવી રાખવા દરેક પ્રકારની કોશિશ કરી. તેથી કરી ઝફરખાન કારસી અને દરિયાખાનના વખતમાં એ બે કરોડની આમદાની બરાબર સચવાઈ રહી. એ પણ આ નાઝિમોની લાયકાતનો એક સારો પુરાવો છે.

૫. ગુજરાતની આવક, ત્યાંની સુખી જિંદગી, તેનો પ્રભાવ, તેની નામના આ સર્વે બાબતોથી તેના દુશ્મનોએ ફીરોઝશાહને ભંભેર્યો. થોડા દિવસોમાં ઝફરખાન બળવો કરી કુલમુખત્યાર બની જશે એ જાતના વિચારો તેના હૃદયમાં પેદા કરાવ્યા. બાદશાહે યુક્તિ કરી અને ઝફરખાનને પોતાને સ્થાને નાયબ મૂકી દિલ્હી હાજર થવાનો હુકમ મોકલ્યો. ઈ. સ. ૧૩૭૮માં તે દિલ્હી પહોંચ્યો. 'રણમલ્લછંદ'ના લેખક શ્રીધરે, આ જ ઝફરખાનને હાર આપ્યાની વાત જણાવી છે. ઈસ્લામી ઇતિહાસમાં તેને કયાંયે ટેકો મળતો નથી. કેટલ દક્ષિણના લોકો જે માણસની ધાકથી ડરતા રહેતા હતા તે ઈડરના રાજ્યથી હારી જાય એ વાત સ્વીકાર્યા પહેલાં વિચારવા જેવી છે !

૬. ઈ. સ. ૧૩૭૮ (હિ. સ. ૭૮૧)માં ઝફરખાનના નાયબ તરીકે શમસુદ્દીન અબુ રિજાની નિમણૂક કરવામાં આવી. ઝિયાઉલ મુલ્ક મલિક શમસુદ્દીન અબુ રિજા ભારે વિદ્વાન, કાબેલ, સ્વમાન ધરાવનાર પુરુષ હતો. સાથે સાથે ઘણો ગર્વિષ્ઠ પણ હતો. બાદશાહ સિવાય તે કોઈને માનતો નહિ. વિશેષમાં તે કવિ હતો.

---

૧. "દલ દારૂણ દફ્ફરખાન જયી
મિઇ ભગ્ગઉ અગ્ગલ અગ્ગરયિ."
પ્રા. ગુ. કા., પૃ. ૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનાં કાવ્યોના કેટલાયે ગ્રંથો રચાયા હતા. પણ કમનસીબીની વાત તો એ હતી કે તે પોતાને સા'દી શીરાઝીથી જરાયે ઊતરતો સમઝતો નહિ હોવાથી લોકો તેની તરફ ઘૃણા કરતા હતા.

૭. ટૂંકમાં તેણે તો ગુજરાતમાં આવતાં જ હાથપગ ફેલાવવા શરૂ કર્યા. તે દરેક રીતે ગુજરાતને લૂંટવા લાગ્યો; તે એટલે સુધી કે સરકારી બિલોમાં પણ તેણે વધઘટ અને ઉચાપત કરવાનો પ્રસંગ મેળવી લીધો. સુલ્તાનનો હુકમ એવો હતો કે વેપારીઓ આફ્રિકાથી હાથીઓ લાવે તેમાંથી જે કોઈ હાથી રસ્તામાં મરી જાય તેની કીમત સરકારી ખજાનામાંથી ભરપાઈ કરવી. અણુ રિજાએ આ પ્રથાનો લાભ ઉઠાવ્યો. કેટલાક હાથી મરી ગયાનું જાહેર કરી ખોટાં બિલો બનાવી બાદશાહને ત્યાં મોકલી આપ્યાં, અને ખજાનામાંથી તેના રૂપિયા વસૂલ લીધા.

૮. અણુ રિજા દિલ્હીથી ઊપડ્યો ત્યારે તેને નેવું હજાર રૂપિયા કરજે આપવામાં આવ્યા હતા જે તેણે છેવટ સુધી ભર્યા જ નહિ. ગુજરાતમાં ચલાવવામાં આવેલ લૂંટમાર અને અવ્યવસ્થાનું પરિણામ એ આવ્યું કે ગુજરાતની આમદાની ઘટી ગઈ, સુલેહશાંતિમાં ભંગાણ પડ્યું. શ્રીધરે એ વાતનો પણ દાવો કર્યો છે કે ઈડરના રાજાએ શમસુદ્દીન અણુ રિજાને હરાવ્યો હતો.[૨] પરંતુ આ વાતનું સમર્થન મુસ્લામી ઇતિહાસનાં પુસ્તકોમાં ક્યાંયે મળતું નથી. શમસુદ્દીનના રાજ્યકારભારને જોતાં એવું અનુમાન થઈ શકે કે એક નાનકડું રાજ્ય તેની સામે શું થઈ શકશે એ વિચારો લઈ તેના (ઈડર) ઉપર ગયો હોય અને ત્યાંના બહાદુર પહાડીઓએ પોતાની ખીણોમાંથી નીકળી અચાનક હુમલો કર્યો હોય. પરિણામે શમસુદ્દીનની ફોજને એ રીતે પરાજય મળ્યો હોય. આ માની શકાય એવી વાત છે, તેમાં કાંઈ નવાઈ જેવું નથી, કારણ કે દુનિયામાં આવાં હજારો દૃષ્ટાંતો પડ્યાં છે. તે વખતની સ્થિતિનું અવલોકન

---

૨ "ભિઇ સંગરિ સમશુદ્દીન નડી
પડિભગ્ગઉ અંગોઅંગિ ભિડી."

એજન. પૃ. ૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં એવો કયાસ બાંધી શકાય કે શમસુદ્દીન ગર્વિષ્ઠ હોવાથી અને પોતાની આગળ બીજા કોઇની ગણના નહિ કરતો હોવાથી ઇડરના પહાડી લોકોને હલકા સમઝી થોડું લશ્કર લઈ દુમલો લઇ ગયો હોય અને તેનાથી લડતાં લડતાં પરિણામે હાર્યો પણ હોય.

૯. સુલ્તાન ફીરોઝશાહને અણુ રિજની વાંધાભરી વર્તણૂકની ખબરો પોતાના દરબારમાં બરાબર મળ્યા કરતી હતી અને શાહ પોતે કોઈ સારો માણસ મળી જતાં તેને અણુ રિજને સ્થાને ગોઠવી દેવાની શોધમાં હતો. આ વાતની જાણ શમસુદ્દીન દામગાનીને પડી. તે ઝફરખાનનો સગો હતો. તેણે ઈમાદુલ મુલ્કની મારફત તે પદ મેળવવા કોશિશ કરી, પણ તે એક ખટપટી માણસ છે એ વાતની બાદશાહને જાણ હોવાથી તેણે એ વાત ટાળી દીધી.

૧૦. હવે તેણે બીજી યુક્તિ લડાવી. પોતે બાદશાહની સેવામાં હાજર થઇ દરખાસ્ત કરી કે ગુજરાતની આમદાની ઘણી વધારે છે અને દીવાનના માણસો બાદશાહની આગળ તે ખુલ્લી પાડતા નથી, પણ જો ગુજરાતની સૂબેદારી મને સોંપવામાં આવે તો હું વાર્ષિક આવક ઉપરાંત પ્રતિવર્ષ એક સો હાથી, ચાલીસ લાખ ટંકા, ચારસો હિન્દી અને બસ્સો અરબી અને ઈરાકી ઘોડા શાહી તિજોરીમાં મોકલતો રહીશ.

૧૧. બાદશાહે કહ્યું કે અણુ રિજ જો આ શરતોને સ્વીકારે તો એ સ્થાન માટે તે જ હકદાર છે. પણ અણુ રિજને જ્યારે આ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે તે શરતોનો ઇન્કાર કર્યો; એટલે દામગાનીને દરબારમાં બોલાવવામાં આવ્યો. સોનેરી કમરપટો, ભાલો, વગેરે પોશાકની ભેટ આપી તેને ગુજરાતનો સૂબો ઈ. સ. ૧૩૭૯ (હિ. સ. ૮૭૧)માં બનાવવામાં આવ્યો.

૧૨. અણુ રિજ દિલ્હી પાછો ફર્યો ત્યારે ભારે ઠાઠમાઠથી દામગાની ગુજરાતમાં દાખલ થયો. અત્યંત પરિશ્રમ ઉઠાવી રાજ્યકારભારનાં કામકાજ તે કરવા લાગ્યો, પણ ટૂંક વખતમાં જ તેને માલૂમ પડી ગયું કે બાદશાહને આપેલાં વચનો પાળી શકાશે નહિ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેમાંથી બચવાના ઉપાયો તે વિચારવા લાગ્યો. તેને એક યુક્તિ સૂઝી, અને તે એ કે પોતે સ્વતંત્ર બની ગુજરાતમાં નવી સલ્તનતનો પાયો નાખે. તે માટે પોતાની પાસે બળવાન સૈન્ય હોવાની જરૂરત હતી; જ્યારે લશ્કરી તૈયારીઓ પૈસા વિના અશક્ય હતી. તેથી કરી કોઈ પણ રીતે ધન ભેગું કરવામાં આવે એ રીતની તૈયારીઓ દામગાનીએ સૌથી પહેલાં શરૂ કરી. તેણે પોતાના હાથપગ પ્રસારવા માંડ્યા, અને દરેક બાજૂથી લૂંટમાર ચલાવ્યાં. પરિણામ એ આવ્યું કે ગુજરાતની વાર્ષિક આવક ઉપર ભારે અસર થઈ. આ બન્ને હાકેમોએ ગુજરાતને વેરાન કરી દીધો; તે એટલે સુધી કે તેની વાર્ષિક આવક માત્ર વીસ લાખ ટંકા જ રહી ગઈ.

સદાના અમીરો લશ્કરી દૃષ્ટિએ તાકાતવાળા લોકો ગણાતા હતા. એઓ પણ તેનાથી નારાજ થઈ ગયા. આ પ્રકારની વસ્તુ-સ્થિતિ હોવા છતાં તેણે પોતાને કુલમુખ્તયાર જાહેર કર્યો અને વાર્ષિક મહેસૂલ દિલ્હી મોકલવાનું બંધ કર્યું. સદાના અમીરોથી આ સહન થઈ શકયું નહિ. તેમનામાંના મલિક શેખ ફખ્ર અને શેખ ફરીદુદ્દીન વગેરેએ એક ઉષઃકાળે ઊઠી મહેલના દરવાજે પહોંચી, દરવાનીઓની કતલ કરી, મહેલમાં ઘૂસી જઈ દામગાનીનું માથું કાપી નાખ્યું. તેની વિરુદ્ધ ગુજરાતની રૈયતે દિલ્હીના શાહને એક અરજી મોકલી હતી, પણ તે મળે તે પહેલાં સદાના અમીરોના ઉતાવળા કાસિદો દામગાનીનું માથું લઈ શાહની સેવામાં હાજર થઈ ગયા.

શમસુદ્દીન દામગાનીને ઈડરના રાજાએ હરાવ્યાનો દાવો 'રણમલ્લ-છંદ'ના લેખકે કર્યો છે, એ વિશેનો પુરાવો ઇસ્લામી ઇતિહાસમાં નથી. અનુમાન બાંધી શકાય કે તેની હાર જરૂર થઈ હશે. દામગાનીએ ઈડરના રાજા પાસેથી ખંડણી અને મદદ માંગ્યા હશે, અને પ્રસંગ જોઈ રાજાએ તેનો ઇન્કાર કર્યો હશે. મુખ્યત્વે કરીને દામગાનીથી નારાજ હોવાને લીધે લશ્કરી અધિકારીઓએ પોતાનું પાણી યુદ્ધમાં બરાબર બતાવ્યું નહિ હોય, બલ્કે મદદ જ નહિ કરી હોય, તેવો વિચાર આવે છે. એવા સંજોગોમાં તેની હાર જરૂર થઈ હોય. આ બનાવ ઈ. સ. ૧૩૮૦ (હિ. સ. ૭૮૨)નો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. દામગાનીની કતલ થયા પછી મલિક મુકર્રબને ગુજરાતનો સૂબો નીમવામાં આવ્યો. તેનું મૂળ નામ રાસ્તીખાન છે. તેના બાપનું નામ મલિક કુત્તાહુલ મુલ્ક. તે શીરોઝશાહનો ગુલામ હતો. સારાં કામો કરવાથી તેને મલિક મુકર્રબનો ખિતાબ આપવામાં આવ્યો હતો. તેના ખિતાબની સાથે 'સુલ્તાની' શબ્દનો ઉપયોગ થાય છે, તે એ વાતની દલીલ છે કે તે ખાસ શાહી ગુલામ હતો, કેમકે તે જમાનામાં એવો ધારો હતો કે જે કોઈ માણસ જે અમીર-ઉમરાવની સાથે સંબંધ ધરાવતો હોય તે, તેનું નામ પોતાના નામ સાથે શામેલ રાખે. દૃષ્ટાંતરૂપે ઉલુગખાનના સંબંધીઓ પોતાને ઉલુગખાની અને ખાનજહાનના મળતિયા પોતાને ખાનજહાની તરીકે ઓળખાવતા હતા, જ્યારે સુલ્તાનના સંબંધીઓ પોતાને સુલ્તાની કહેવરાવતા હતા. કેટલાક દિવસો વીત્યે તેને નિઝામ-શાહનો ખિતાબ આપવામાં આવ્યો.

૨. ઈ. સ. ૧૩૮૦માં તે ગુજરાતનો સૂબો નિમાયો, ત્યારે તેને ફરહતુલ મુલ્કના ખિતાબથી નવાજવામાં આવ્યો. એને મળેલા ખિતાબોથી તેની કાબેલિયતનો અંદાજ કાઢી શકાય છે.

૩. તે જમાનાના ખિતાબોનો ક્રમ આ પ્રમાણે હતોઃ સૌથી મોટો 'ખાન' કહેવાતો, તેના તાબામાં દસ હજારનું સૈન્ય રહેતું, અને તેને બે લાખ ટંકાની જાગીર આપવામાં આવતી. બીજો દરજ્જો 'મલિક'નો હતોઃ તેને તાબે એક હજારની ફોજ અને પગારમાં પચાસ હજારની જાગીર મળતી. ત્રીજો દરજ્જો 'અમીર'નો રહેતો, જેના હાથ નીચે પાંચસો સવાર રહેતા અને પગાર પેટે ત્રીસ હજારની જાગીર આપવામાં આવતી. તે પછી 'સિપહસાલાર' જેના પગારનું ધોરણ વીસ હજારની જાગીરથી રહેતું. છેલ્લી પંક્તિએ સામાન્ય સિપાહીઓ રહેતાઃ તેઓને રોકડ પગાર આપવામાં આવતો.

૪. આ ઉપરથી જાણી શકાયું હશે કે રાસ્તીખાનનો દરજ્જો સૌથી ઊંચો અને ખાનથી ઊતરતો હતો. તેની પાસે પોતાના એક હજાર માણસોની ફોજ રહેતી. એનો પગાર તે પોતે જ ચૂકવતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ઉપરાંત રાજ્યનું લશ્કર હતું. એ પ્રમાણેનું સૈન્ય દરેક પ્રાંતમાં રહેતું, અને પ્રાંતના સૂબાને કબજે ગણવામાં આવતું. આ સૈન્ય ઉપર સૂબેદારોની બદલીઓની કાંઈ અસર પડતી નહિ. સૂબેદારોની ફેરફારી થવા છતાં પ્રાંતનું લશ્કર તો જ્યાંનું ત્યાં જ રહેતું. તેનાથી વિરુદ્ધ જે સેના સૂબેદારના ખર્ચે નભતી તે બદલી થતાં સૂબેદારની સાથે સાથે ફરતી રહેતી. ટૂંકમાં મલિક મુફર્રહ પોતાની જાતિ-લાયકાતથી એટલો ઊંચો મરતબો મેળવી શકયો હતો. તે વખતે તેનું પૂરું નામ મલિકે મુફર્રહ, નિઝામશાહ સુલ્તાની, ફરહતુલ મુલ્ક, રાસ્તીખાન હતું.

૫. 'રણમલ્લછંદ'ના કાવ્યમાં જે મલિક મુફર્રહ સુલ્તાનીનું વર્ણન કરવામાં આવ્યું છે તે આ જ છે. એ જ લડાઈ માટે આ કાવ્ય લખવામાં આવેલ છે. એ લડાઈનાં શાં કારણો હતાં તે વિસ્તારથી સમઝાવવામાં આવે એ ઘણું જરૂરી છે. અને તે માટે દિલ્હીની મધ્યસ્થ હકૂમતનું વર્ણન કર્યા વગર તેનાં ખરાં કારણો માલૂમ પડી શકશે નહિ.

૬. સુલ્તાન ફીરોઝશાહ તઘલખ હવે ઘણો વૃદ્ધ થઈ ગયો હતો. સુલ્તાનનો બધો કારભાર તેણે પોતાના વજીર ખાનજહાનને સોંપી દીધો હતો, જે સ્વતંત્રપણે જેમ ચાહે તેમ વર્તતો હતો. તેનો પ્રતિસ્પર્ધી મોહમ્મદશાહ યુવરાજ મોજૂદ હતો. સલ્તનતના ગુલમાંથી કાંટો દૂર કરી, રાજ્યના બગીચામાં હમેશ વસંતઋતુ રહે અને પોતે શાંતિથી મનમાનતી રીતે રાજ્ય કરી શકે એમ તે ઈચ્છતો હતો.

૭. ઈ. સ. ૧૩૮૭ (હિ. સ. ૭૮૯)માં મોહમ્મદશાહ પોતાના કેટલાક ઉમરાવોની સલાહથી તખ્તનો કબજો લેવા માંગે છે એ જાતની અરજ ખાનજહાને સુલ્તાન ફીરોઝશાહને કરી. આ સાંભળી તેને ઘણો ખેદ થયો. સુલેહનો ભંગ કરવા ઇચ્છતા ઉમરાવોને તરત ગિરફતાર કરવાનો પોતે હુકમ આપ્યો; તેથી વજીરે અમીરોને પકડી મંગાવી વગરવિલંબે તેમને કતલ કરાવી દીધા. આ પૈકી એક ગુજરાતનો માજી સૂબો ઝફરખાન બીજો પણ હતો. મોહમ્મદ-શાહને પ્રથમથી જ આ વાતની ગંધ લાગી જતાં તે કયાંક એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ગ્રં ગા/૧૨
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગ્યાએ સંતાઈ રહ્યો કે વજીરની ઝીણવટભરેલી શોધખોળને અંતે પણ તે હાથ ના લાગ્યો, અને જરાક શાંતિ વળતાં જનાનાની ડોળીમાં બેસી મોહમ્મદશાહ સુલ્તાન ફીરોઝશાહના મહેલ તરફ રવાના થયો. નોકરોને સમઝાવી દીધા હતા કે મહેલના દરવાજે જો રોકટોક કરવામાં આવે તો મોહમ્મદશાહની બેગમ સુલ્તાનને મળવા જાય છે એવો જવાબ તેમણે આપી દેવો.

૮. ટૂંકમાં મોહમ્મદશાહ સુલ્તાનના દરબારમાં એ રીતે પહોંચ્યો. સુલ્તાનને તેણે અરજ ગુજારી કે માત્ર જૂઠાણાથી ખાનજહાન વજીરે કામ લીધું છે અને તે અમો સર્વેને ઠેકાણે પાડીને ગાદી પડાવી લેવા માંગે છે. આ સાંભળી સુલ્તાને શાહજાદાના કહ્યા પ્રમાણેના વિરોધીઓને પકડી મંગાવવાનો હુકમ આપ્યો. મોહમ્મદશાહે સૌથી પહેલાં ખાનજહાનના મહેલને ઘેરી લીધો. વજીર જાતે બહાર નીકળી પડ્યો. ખૂબ લડ્યો, પણ અંતે ધવાઇને પાછો ફર્યો. અને પોતે જોયું કે છૂટકારા માટે કાંઈ બની શકે તેમ નથી ત્યારે નાસી મેવાતના રાજા કોકા ચૌહાણનો આશ્રય શોધ્યો.

૯. ત્યારબાદ વજીરના મળતિયા ઉમરાવોને વીણી વીણી મોહમ્મદશાહે કતલ કરી દીધા. તેણે જોયું કે શેત્રંજનાં બધાં મહોરાંઓ એક પછી એક પડી ગયાં છે, ત્યારે પરમ શાંતિથી ઇ. સ. ૧૩૮૭ (હિ. સં. ૭૮૯)ના શાબાનમાં તે સુલ્તાન પાસે પહોંચ્યો. સુલ્તાને કુલસત્તાધારી મુખ્ય વજીરનો હોદ્દો બક્ષી તેને નાસિરૂદ્દીનનો ખિતાબ આપ્યો. શુક્રવારની નમાઝના ખુત્બામાં બન્નેનાં નામો સાથે બોલાવા લાગ્યાં.

૧૦. શાંતિ વધતાં મોહમ્મદશાહે રાજ્યબંદોબસ્ત તરફ ધ્યાન ચોંટાડ્યું. મલિક યાકુબ મોહમ્મદ હાળીને સિકંદરખાનનો ખિતાબ આપી ગુજરાતનો ગવર્નર બનાવ્યો. તેની રવાનગી વખતે તેને ખાસ તાકીદ કરવામાં આવી કે રસ્તામાં કોકા ચૌહાણ સાથે લડી ખાનજહાનને પોતાના કબજામાં મેળવી લે. તે ઉપરથી તે દિલ્હીથી ઊપડી મેવાત પહોંચ્યો અને લડાઈ લડવાનો પોતાનો ઇરાદો જાહેર

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યો. પારકી પીડા માથે વહોરી લેવામાં કાંઈ લાભ નહિ જોતાં મેવાડના રાજાએ ખાનજહાનને મલિક યાકુબને હવાલે કરી દીધો. તેણે ખાનજહાનનું માથું ધડથી જુદું કરાવી મોહમ્મદશાહની પાસે દિલ્હી મોકલી આપ્યું. ગુજરાતનો સૂબો મલિક મુફર્રહ ખાનજહાનના તરફદારોમાં હોવાથી, પોતાનો ચાર્જ મલિક યાકુબને સોંપવાનો તેણે ઇન્કાર કર્યો અને યુદ્ધ માટે તૈયાર થયો. મલિક મુફર્રહ એક ઘડાયેલ સૂબેદાર હતો. સદાના ઉમરાવોને તેણે પોતાના પક્ષમાં સાધી લીધા હતા. તેની કુશળ વ્યવસ્થાશક્તિને કારણે રૈયત પણ તેનાથી રાજી હતી. મલિક યાકુબ સાથેની લડાઈમાં તેનો સંપૂર્ણ વિજય થયો, જ્યારે મલિક યાકુબ માર્યો ગયો.

૧૨. મોહમ્મદશાહ રમનામાં શિકાર ખેલી રહ્યો હતો ત્યારે તેને પોતાના સાથીના પરાજયના સમાચાર મળ્યા. મોહમ્મદશાહ તેની કાંઈ પરવા કર્યા વિના ઐશઆરામમાં પડી ગયો; તેથી કરી બે માઠાં પરિણામો નીપજ્યાં: પહેલું તે કે મલિક મુફર્રહે મધ્યસ્થ સરકારને કમજોર સમઝી આઝાદીનો ઢંઢેરો બહાર પાડ્યો. બીજું એ કે દરબારના ઉમરાવો બીજા શાહજાદાઓ સાથે પ્રપંચ રમવા લાગ્યા. મોહમ્મદશાહે એક લડાઈમાં હાર ખાધી અને સરમુરના પહાડોમાં નાસી જઈ આશ્રય લીધો.

૧૩. અહીં તઘલખખાન બિન ફતેહખાન બિન સુલ્તાન ફીરોઝશાહ તઘલખ દિલ્હીની ગાદીએ બેઠો. સુલ્તાને 'ગિયાસુદ્દીન'ના ખિતાબની તેને નવાજેશ કરી. અને ત્યાર બાદ થોડા દિવસોમાં તા. ૧૮ મી રમઝાન, હિ. સ. ૭૯૦, ઈ. સ. ૧૩૮૮ માં સુલ્તાન ફીરોઝશાહનો દેહ પડ્યો.

૧૪. ગિયાસુદ્દીન તઘલખ હવે દિલ્હીનો ખરો બાદશાહ તો બન્યો, પણ શાહી ફરમાનો આપવાની તેનામાં મુદ્દલ લાયકાત ન હતી; તેથી કરી ઇ. સ. ૧૩૮૮ (હિ. સ. ૭૯૧)માં તેના ભત્રીજા અબુબકર ઝફરખાને તેની કતલ કરી તખ્ત છીનવી લીધું. ગિયાસુદ્દીને પોતાના થોડા દિવસના રાજ્યઅમલ દરમિયાન ગુજરાતની સૂબેદારી વિશે કાંઈ ખાસ લક્ષ્ય આપ્યું ન હોતું. આ ગફલતનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાભ ઉઠાવી ત્યાંના સૂબાએ પોતાની સલ્તનત વધારે મજબૂત બનાવી હતી.

૧૫. પાયતખ્ત દિલ્હીમાં અબુબકરની સલ્તનત મજબૂત અને કાયમ થઈ ગઈ, પણ પોતાના મુલકની આસપાસ ઊઠેલાં બંડો તે શમાવી શકયો નહિ. સમાનાના સદાના અમીરોએ બંડ કર્યું, અને નગરકોટથી મોહમ્મદશાહને બોલાવી તેમણે પોતાની સાથે તેને ભેળવી લીધો. મોહમ્મદશાહે જોયું કે લડાઈ લડતાં છતાં અનેક નિષ્ફળતાઓ મળે છે, ત્યારે તેણે સુલ્તાની હાજીબને કોઠી અબુબકરને કતલ કરાવી દીધો. હિ. સ. ૭૬૨ના ઝીલહજ્જની ૨૦ મી તારીખ, એટલે કે ઈ. સ. ૧૩૮૯માં તે દિલ્હીની ગાદીએ ફરીથી બેઠો.

: ૩ :

૧. ઈ. સ. ૧૩૮૦માં ફરહતુલ મુલ્ક રાસ્તીખાન ગુજરાત પહોંચ્યો. તે એક લાયક હાકેમ હતો. પોતે આવતાંની સાથે સૌથી પહેલાં, નાફરમાન રાજાઓ અને ઝગડાખોર કોળીઓની કાનપટ્ટી પકડી. પહેલાંના સૂબાઓની અવ્યવસ્થાથી સદાના અમીરો નારાજ થયેલા હતા તેમનાં મન રીઝવવા તેણે ભારે કોશિશ કરી, જેમાં તે સંપૂર્ણ રીતે સફળ નીવડ્યો. ઉપર બતાવવામાં આવ્યું છે કે ફરહતુલ મુલ્ક ખાનજહાન વજીરના મળતિયામાંનો હતો, અને તે જ વજીરને પ્રતાપે તે ગુજરાતની હકૂમત મેળવી શકયો હતો. ખાનજહાનને મોહમ્મદશાહે કતલ કરાવી દીધો, જેથી કરી ગુજરાતનો સૂબો બંડખોર બની બેઠો. થોડા દિવસો સુધી મોહમ્મદશાહ ગાદીથી ચ્યુત રહ્યો, અને સિકંદરખાનના કતલના બારામાં મલિક મુફર્રહનો કાંઈ જવાબ માગવામાં ન આવ્યો તેથી કરી તે પણ સ્વતંત્રતાનાં સ્વપ્ન સેવવા લાગ્યો.

૨. સૌથી પહેલાં તેણે ગુજરાતની મહેસૂલ મોકલવાનું બંધ કર્યું, અને દેશમાં શાંતિ સ્થાપવા અને વ્યવસ્થા જાળવવાના કામમાં લાગી ગયો. મધ્યસ્થ સરકારમાં કાંઈ તાકાત નહિ હોવાથી તેની પડપૂછ કોઈ કરશે નહિ તેમ તે સમજવા લાગ્યો; પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
તરફદારે પાસું પલટ્યું. કોળીઓ મોહમ્મદશાહને રાજમહેલ ઉપર ફરીથી પોતાનો મહોરો બનાવી બેસાડ્યો.

૩. મલિક મુફર્રહને આ ખબર પહોંચતાં જ તે ગભરાયો. મોહમ્મદશાહના હાથમાં રાજસત્તા આવતાં પોતાની ખેર નથી તેમ તે સમઝી ગયો; એટલે પોતે આઝાદ હોવાનો ઢંઢેરો ખુલ્લી રીતે બહાર પાડ્યો. સ્વતંત્રતા કાયમ કરવા માટે જબરદસ્ત ફોજની જરૂરત રહે છે, અને ફોજને માટે ધનની જરૂર હોય છે, તેથી તેણે ચારે ખૂણેથી માલ એકઠો કરવાનું કામ શરૂ કરી દીધું. તે ખાતર યોગ્ય અયોગ્ય બધી રીતો તેણે કામમાં લીધી. પરિણામે ગરીબ રૈયત કકળી ઊઠી. ખંભાતના વેપારીઓ ખાસ કરી કંટાળી ગયા. તેમણે મોહમ્મદશાહની ખિદમતમાં એક અરજી મોકલી. તે બાજૂ મલિક મુફર્રહના જુલ્મોની ખબરો મોહમ્મદશાહને મળી રહી હતી, એટલે કરી ગુજરાતમાં એક નવો નાઝિમ મોકલી આપવાની ચિંતામાં તે હતો જ. પોતાની તરફદારી કરનારા ઉમરાવોમાંથી તેણે ઝફરખાનને ચૂંટી કાઢ્યો. દરબારમાં બોલાવી તેને સરપાવ આપવામાં આવ્યો. રાજદ્વારી પરિસ્થિતિ લક્ષ્યમાં રાખી તેને અનેક કીમતી નસીહતો કરી ગુજરાત તરફ રવાના થવાની પરવાનગી દેવામાં આવી. તે પોતાની મુસાફરીનો પૂરતો સામાન એકઠો કરી ગુજરાતના માર્ગે નીકળી પડ્યો.

૪. એના આગમનની ખબર ગુજરાતમાં મલિક મુફર્રહને પહોંચતાં પોતાને માટે એક આખરી યુદ્ધ લડ્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી એમ તેને સાફ જણાયું. હરીફ બળવાન હોવાથી તેની સામે થવા બંડિયા રાજાઓ પાસેથી ભારે ઝડપે મહેસૂલ વસૂલ લેવાનું કામ શરૂ કર્યું. ઈડરનો રાજા કે જે હમેશાં એવા પ્રસંગની રાહ જોયા કરતો હતો તેણે બંડણી ભરવાનો ઈન્કાર કર્યો અને સામે જંગ ખેલવા તૈયાર થઈ ગયો. બાર બાર વર્ષથી મલિક મુફર્રહ ગુજરાત પર હકૂમત ચલાવતો હતો તે આ વાતને સહન નહિ કરી શકવાથી રાજા સાથે યુદ્ધ લડવા તેણે પોતાનું લશ્કર મોકલી આપ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. આશ્ચર્યની વાત છે કે ઇસ્લામી ઇતિહાસમાં એ વિશેનું કશું વર્ણન નથી. કદાચ ઝફરખાન સાથેના યુદ્ધની અગત્યને કારણે આ બાજૂ પૂરતું ધ્યાન અપાયું ન હોય. 'રણમલ્લછંદ'ના લેખકે લડાઈનું વર્ણન તો બરાબર કર્યું છે, પણ કયા વર્ષમાં તે યુદ્ધ થયું તે બતાવવામાં આવ્યું નથી. વસ્તુસ્થિતિનો પૂરેપૂરો વિચાર કરતાં તે યુદ્ધ ઈ. સ. ૧૩૯૦ (હિ. સ. ૭૯૩)માં થયાની અટકળ બાંધી શકાય. આ વખતે મલિક મુકર્રબના રાજ્ય-અમલની છેલ્લી ઘડીઓ ગણાઈ રહી હતી.

૬. શ્રીધર જણાવે છે કે મલિક મુકર્રબ લડ્યો પણ હારી ગયો, અને લડાઈમાં સત્તર હજાર મુસલમાનો માર્યા ગયા.[૩] મરેલા-ઓની બતાવવામાં આવેલી સંખ્યા સાચી માનવામાં આવે તો લશ્કરનો મૂળ આંકડો તેથી કેટલોયે વધારે હશે; તેનું પ્રમાણ સહેજે ઓછામાં ઓછા પચીસેક હજાર હોવાનું કલ્પી શકાય. કયાં કારણોને લઈ પરાજય થયો તેની સાચી વાત બતાવવામાં આવતી નથી. બારબાર વર્ષથી ગુજરાત પર હકૂમત કરનાર અને વળી રાજકારણ તથા યુદ્ધશાસ્ત્રમાં લાયકાત અને અનુભવ ધરાવનાર આમ સહેજમાં હારી જાય એ સાચે જ નવાઈ પમાડનાર બીના છે.

૭. 'રણમલ્લછંદ' વાંચતાં થોડોક પ્રકાશ આપતી બીજી એક વાત મળી આવે છે. કવિ લખે છે કે રાજની મદદે આવેલ 'રાજા સાંતલ સંભરવઈ પડ્યો.' તે રાજપૂતાનાના સંભર શહેરનો હાકેમ હતો. આ કાંઈ અસાધારણ બીના નથી. ચાંપાનેર અને ઈડરના રાજાઓને ત્યાં તે પહેલાંનાં બસો વર્ષથી એ જ રીત ચાલી આવતી હતી કે તેઓ બહારના રાજાઓની મદદ મેળવી ગુજરાતના હાકેમો સામે બળવો કરી લડતા. એ જ કારણોને લઈ ગુજરાતના સુલ્તાનોને અનેક વખત માળવા, ખાનદેશ, અને રાજપૂતાનાના બીજા હાકેમો જોડે વિનાકારણે લડાઈ લડવી પડતી.

---

૩. એજન, પૃ. ૪ અને ૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
૮. તે ઉપરથી એમ માલૂમ પડે છે કે હુડરના રાજાની ફોજ પહાડી કિલ્લામાંથી નીકળી બહાર મેદાનમાં લડવા લાગી ત્યારે અચાનક પાછળથી રાજા સાંતલની[૪] ફોજ પણ આવી લાગી. પરિણામે મલિક મુફર્રહની ફોજ બે દુશ્મનોની વચ્ચે સપડાઈ ગઈ અને તેથી તેનો પરાજય થયો.

આ પુસ્તકના લેખકના વર્ણનને અતિશયોક્તિભરેલું ગણવામાં ના આવે તો સત્તર હજાર જેવડી મોટી સંખ્યાના માર્યા જવા માટે અને પરાજય પામવાને માટે એક બીજું કારણ પણ હોઈ શકે છે: રાજાનું સૈન્ય પોતાને હારેલું બતાવી પીછેહઠ શરૂ કરી ધીમે ધીમે ફોતરડામાં ભરાઈ ગયું હોય, જ્યારે મલિક મુફર્રહનું લશ્કર પોતાને વિજય મળતો સમજી દમામમાં બેપરવાઈથી આગળ વધતું રહ્યું હોય–તે એટલે સુધી કે જ્યારે તે વચ્ચોવચ આવી પહોંચ્યું ત્યારે રાજાની સેનાએ બન્ને બાજૂથી બહાર નીકળી તેની ઉપર હુમલો કરી મારો ચલાવી દીધો હોય. ઇતિહાસમાં આવાં દૃષ્ટાંતો છે; જેમકે અલપ્તગીનની ફોજના સરદાર સબક્તગીને માત્ર પાંચસો સવારોની મદદથી કેટલાયે હજારના લશ્કરનો કચ્ચરઘાણ આવી જ રીતે વાળી નાખ્યો હતો.

:૪:

૧. આ કાવ્યનું અધ્યયન કરતાં માલૂમ પડે છે કે તે જમાનામાં મોડાસા પોતાની આજુબાજુના પ્રદેશનું એક મુખ્ય મથક હતું. ત્યાં એક હાકેમ (થાણદાર) રહેતો હતો. તે વખતના હાકેમનું નામ મીર રહેમાન હતું.[૫] લશ્કરનો સરદાર ખવાસખાન, ઝુંઝુકમાલ અને ખિદમતખાન પણ તે વખતના મશહૂર અમલદારો હતા.

૨. સિપાહીઓમાં બંગાળી[૬] મુસલમાનોની સંખ્યા પણ હતી. બંગાળ અને ગુજરાતમાં પૂર્વ અને પશ્ચિમ જેટલો ફેર છે. બંગાળી

---

૪. એજન, પૃ. ૧૨. સ્વ. ઢી. બ. ધ્રુવે પાઠ સુધારી 'કાન્હડ' નામ બદલ્યું છે. જુઓ પૃ. ૧૦ની પાદટીપ.

૫. એજન, પૃ. ૩

૬. એજન, પૃ. ૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિપાહીઓની ભરતી એ રીતે થઈ હોય એમ અનુમાન બાંધી શકાય છે. ગુજરાતનો ગવર્નર ઝફરખાન કે જેનો દેહાંત ઈ. સ. ૧૩૯૯ (હિ. સ. ૭૭૧)માં થયો તે બંગાળથી આવ્યો હતો; એટલે પ્રથમની ભરતી તેના વખતની હોય. એ તો સ્પષ્ટ છે કે તે પોતાના દેશબંધુ સિપાહીઓમાં જે રીતનો વિશ્વાસ ધરાવી શકે તેટલો બીજા ઉપર ના રાખી શકે, તેથી કરી બંગાળી સિપાહીઓને મૂળ તે પોતાની જોડે પણ લાવ્યો હોય. જ્યારે ફેટલાક, તે સત્તામાં આવ્યો ત્યારે બંગાળાથી આવી તેની નોકરીમાં રહ્યા હોય.

૩. એક બીજી રીત એ પણ છે કે ફીરોઝશાહ તઘલખે બંગાળ ઉપર એ વખત ચઢાઈ કરી, અને જીત થતાં તે પોતાની સાથે લાખો બંગાળીઓને કેદ પકડી લાવ્યો. તે દિલ્હીમાં સમાઇ શકે તેમ નહિ હોવાથી, લાચાર બની સુલ્તાને તેમની મોટી મોટી સંખ્યા દરેક પ્રાંતમાં વસાવી દીધી અને તેમનાં ભરણપોષણ માટે વજીફા અને જાગીરો અર્પણ કર્યા. આ ધોરણે ગુજરાતમાં પણ ફેટલીક સંખ્યા વસી. સંભવિત છે કે આ લોકો પણ ઝફરખાનના લશ્કરમાં દાખલ થઈ ગયા હોય; અને ફેમફે હવે ગુજરાત તેમનું વતન થયું હતું તેથી કરી ઝફરખાન બીજાના ચાલ્યા જવા છતાં તે લોકો તો અહીં જ રહ્યા. કાળચક્રની ગતિ જુઓઃ એક એવો વખત હતો કે બંગાળીઓ પોતાનો મુલક છોડી ગુજરાત સુધી આવતા અને સપાહી બની પોતાનું નામ કાઢતા; તેમની બહાદુરીથી તેમનાં દેશનું નામ અમર થતું.

૪. સિપાહીઓમાં બંગાળીઓ ઉપરાંત તુર્ક[૭] અને મોગલો હતા. તુર્કોની હકૂમત ઉત્તરોતર ચાલી આવતી હોવાથી કુદરતી રીતે લશ્કરમાં તેમની સંખ્યા મોટા પ્રમાણમાં રહેતી. મોગલોનું આગમન સુલ્તાન બલ્બનના વખતથી શરૂ થયું, અને અલાઉદ્દીન ખલજીના રાજ્યકાળમાં તો તેમની મોટી સંખ્યા આવી વસી ગઈ. ગુજરાતની

૭. એજન, પૃ. ૫-૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીત વખતે ઉલુગખાનની સાથે મોગલ સૈન્ય મોજૂદ હતું. સુલ્તાન મોહમ્મદ તઘલખે તાતારના બાદશાહો સાથે ઐક્ય અને મિત્રાચારીનો સંબંધ બાંધ્યો હતો, તેથી કરીને તાતારી લોકો કે જેને હિંદુસ્તાનીઓ મોગલો તરીકે ઓળખે છે તેઓ મોટી સંખ્યામાં આવી અહીં આબાદ થયા.

૫. મોટે ભાગે આ લોકો લશ્કરી સેવા આપતા. વખત જતાં તેઓ ઘણા બળવાન થઈ ગયા; પણ પઠાણોએ આવી તેમનું બળ તોડ્યું: લશ્કરી બળની દૃષ્ટિએ તેઓ બીજા નંબરના ગણાવા લાગ્યા.

૬. આ પુસ્તકનો અભ્યાસ કરતાં જણાય છે કે લડાઈમાં તીર, તલવાર, ભાલાઓ ઉપરાંત મગદળોનો[૮] ઉપયોગ કરવામાં આવતો. ઇરાનમાં મગદળનો ઉપયોગ જે રીતે થતો તે જ રીતે અહીં હિંદુસ્તાનમાં પણ તેને વાપરતા. જુદાજુદા વજનના ગુરઝો રહેતા. પાંચ મણ સુધીના ભારેમાં ભારે વજનના ગુરઝો રહેતા, પણ તેને કોઈ ઊંચકી શકતું નહિ.

૭. આ કાવ્યના વાચનથી મુસલમાનને ઘણો આનંદ થાય તેમ છે કે તે કાળ સુધી મુસલમાન સિપાહીઓમાં ઈસ્લામનો સાચો આત્મા મોજૂદ હતો. ઘોર રણક્ષેત્રમાં નમાઝનો વખત આવી લાગતાં, મોતનો ભય રાખ્યા વિના પોતાના ખુદાની આગળ નમાઝમાં માથું નમાવી તે સીજદો કરતા. આવી ભયંકર આફતની ઘડીમાં પણ તેઓ ખુદાની યાદથી ગાફેલ રહેતા ન હતા.

૮. આ કાવ્યમાં સૌથી છેલ્લું નામ ઝફરખાનનું[૯] આવે છે. પણ તે કયા ઝફરખાનનું નામ છે તે બરાબર કળી શકાતું નથી. મલિક મુફર્રહની પહેલાના બેમાંથી એકનું જો તે નામ હોય તો તેનું વર્ણન આગળ વિસ્તારથી કરવામાં આવ્યું છે. અલબત્ત, એક ત્રીજો ઝફરખાન છે, કે જેણે મલિક મુફર્રહ સાથે લડાઈ લડી અને

---

૮. એજન, પૃ. ૧૦-૧૧

૯. એજન, પૃ. ૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતની સલ્તનતનો પાયો નાંખ્યો. તેનો જ પૌત્ર અહમદશાહ થાય કે જેણે અમદાવાદ વસાવ્યું.

૯. ઝફરખાનના બાપનું નામ સદારત હતું. જાતે ગુજર રજપૂત હતો. તે કેવળ ગુજરાતી-વાડાસિનોરની પાસે ઠાસરાનો વતની-હતો. સુલ્તાન ફીરોઝશાહના દરબારમાં તેના બાપને ભારે જગ્યા મળી હતી, તેથી કરી ઝફરખાનનો ઉછેર દિલ્હીમાં થયો હતો. સુલ્તાન મોહમ્મદશાહ બિન ફીરોઝશાહ તઘલખનો તે સમકાલીન અને સાથી હતો, અને વિશ્વાસપાત્ર જાણી તેણે તેને ગુજરાતનો સૂબેદાર બનાવ્યો હતો.

૧૦. ઝફરખાન ભારે સ્વમાની અને ઘણો હોશિયાર માણસ હતો. ગુજરાતમાં આવી તેણે એક ક્ષણ પણ નકામી ગાળી નહિ. એક બાજૂએ મલિક મુફર્રહને સુલેહશાંતિના સમાચાર મોકલતો રહ્યો, જ્યારે બીજી બાજૂએ પોતાના સૈન્યબળમાં બરાબર વધારો કરતો રહ્યો. પ્રજાને સાચવી લેવામાં તેણે જરાય કસર આવવા દીધી નહિ. ખંભાતના વેપારીઓનાં મન ઘણી સારી રીતે સંતોષ્યાં. પોતાના કુળના ગેરમુસ્લિમ રજપૂતોને પોતાને મદદ કરવા ઉસ્કેર્યા. પોતાની જાતને ગુજરાતી અને મલિક મુફર્રહને પરદેશી ગણાવી તેની તરફ લોકોમાં ઘૃણા ઉત્પન્ન કરાવવા તેણે પોતાથી બનતું સઘળું કર્યું. મલિક મુફર્રહની ફોજને ફોડવા સર્વે જાતની કોશિશ કરવામાં આવી. ટૂંકમાં અગિયાર મહિનાની તૈયારી પછી બન્ને વચ્ચે દારુણ યુદ્ધ જામ્યું. મલિક મુફર્રહ માર્યો ગયો. ઝફરખાને મુલક ઉપર કબજો કરી શાંતિનું રાજ્ય શરૂ કર્યું. તેનાથી ગુજરાતના સુલ્તાનોની શરૂઆત થાય છે, જેનો મોગલ અકબરશાહે ઈ. સ. ૧૫૭૨ (હિ. સ. ૯૮૦)માં આવી અંત આણ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દસૂચી

અકબર ૧૯
અખુખકર ઝફરખાન ૧૨, ૧૩
અખુ રિન્ન ૫, ૬, ૭
અમદાવાદ ૧૯
અલમગીન ૧૬
અલ્લાઉદ્દીન ૩, ૧૭
અહમદશાહ ૧૯

આદ્રિકા ૬
ઈમાદુલ્મુલ્ક ૭
ઇરાન ૧૮
ઈડર
ઈડરનો રાજા } ૩, ૫-૮, ૧૪,-૧૬
ઉલુગખાન ૯, ૧૮
કચ્છનું રણ ૩
કડી ૪
કાઠિયાવાડ ૩
કોકા ચોહાણ ૧૧
ખંભાત ૪, ૧૪, ૧૯
ખલજી વંશ ૩
ખવાસખાન ૧૬
ખાનજહાન ૯-૧૩
ખાનદેશ ૩, ૧૫
ખિદમતખાન ૧૬
ગુજરાત ૩-૮, ૧૦-૧૯
ગુલબર્ગ ૪
ગિયાસુદ્દીન તઘલખ ૧૨
ચાંપાનેર ૧૫
ઝફરખાનનો ૩જો ૧૮, ૧૯
ઠાસરા ૧૯
ડભોઇ ૪
તઘલખખાન ૧૨
તઘલખ વંશ ૩
તાતારના બાદશાહો ૧૮
તાતારી લોકો ૧૮
દરિયાખાન ૪, ૫
દામગાની જુઓ હામસુદ્દીન
દિલ્હી ૫, ૮, ૧૦, ૧૨, ૧૩, ૧૭, ૧૯
ધંધુકા ૩
ધોળકા ૩
નગરકોટ ૧૩
નાશિક ૩
નિઝામુલ્મુલ્ક ૪, ૫
પાટણ ૪
ફતહખાન ૧૨
ફરહતુલ્મુલ્ક ૧૦, ૧૩
ફીરોઝશાહ જુઓ સુલ્તાન ફીરોજ૦
બંગાળ ૧૬, ૧૭
બલ્બન ૧૭
ભરૂચ ૪
મલિક તંગી ૪
,, મુકરહ ૯, ૧૦, ૧૨-૧૬, ૧૮, ૧૯
મલિક સદા ૪
મલેક ફત્તાહુલ્મુલ્ક ૯
,, શેખ ફખર ૮
,, યાકુબ મોહમ્મદ હાજી ૧૧, ૧૨
મીર રહેમાન ૧૬
મેવાડ ૩, ૧૨
મેવાત ૧૧
મોહાસા ૧૬
મોગલો ૪
રજપૂતાના ૧૫
રણમલ્લ જુઓ ઈડરનો રાજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

29684/24.3.2002

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રણમલ્લ છંદ ૩, ૫, ૮, ૧૦, ૧૫
રમના ૧૨
રાસ્તીખાન ૯, ૧૦
વડોદરા ૪
વાડાસિનોર ૧૯
શમસુદ્દીન અબુ રિન્ન જુઓ
અબુ રિન્ન
,, દામગાની ૭-૯
શિરોહી ૩
શેખ ફરીદુદ્દીન ૮
શ્રીધર ૫, ૬, ૧૫
સદાના અમીરો ૮, ૧૨, ૧૩
સબક્તગીન ૧૬
સમાના ૧૨
સંભર ૧૫
સરમુર ૧૨
સહારન ૧૯
સા'દી શીરાઝી ૬
સાંતલ ૧૬
સિકંદરખાન ૧૩
સિંધ ૪
સુલ્તાન ફીરોજશાહ તઘલખ-
૪-૭, ૯-૧૨, ૧૭, ૧૯
હસન બ્રાહ્મણી ૪
હિંદુસ્તાન ૧૮
હુસેન બિન મીરાન ૪

૪૧૭.૧૪

પુસ્તકાલય
ગુરુકુલ કાંગડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાત વર્નાકયુલર સોસાયટી સંશોધન ગ્રંથમાળા

૧ સિદ્ધહેમનો અપભ્રંશ વિભાગ (અનુવાદ)	અધ્યા. મધુસૂદન મોદી અને પં. કેશવરામ શાસ્ત્રી
૨ ભીમ્સના ઉપોદ્‌ઘાતનો અનુવાદ	,, ,,
૩ છંદોનુશાસન (પ્રાકૃત-અપભ્રંશ ભાગ)	અધ્યા. જીવણલાલ ત્રી. પરીખ
૪ ગુજરાતી છંદો	અધ્યા. રામનારાયણ વિ. પાઠક
*૫ અસાઈતનું 'હંસાઉલી' કાવ્ય	પં. કેશવરામ કા. શાસ્ત્રી
૬ ભીમનું 'સદયવત્સકથા કાવ્ય'	અધ્યા. મંજુલાલ ર. મજમૂદાર
૭ પુરાણોમાં ગુજરાત	અધ્યા. ઉમાશંકર જે. જોષી
૮ જૈન આગમોમાં ગુજરાત	મુનિશ્રી પુણ્યવિજયજી
૯ ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ (ઇસ્લામ યુગ)	શ્રી. રત્નમણિરાવ ભી. જોટે
*૧૦ પંચમહાલના ભીલ	શ્રી. પાંડુરંગ ગો. વણીકર
૧૧ રાનીપરજ	શ્રી. જગતરામ દવે અને અધ્યા. ઉમાશંકર જે. જોષી
૧૨ ગુજરાતની પ્રજાની મૂળજાતિઓ	અધ્યા. છોટુભાઇ એમ. ધીવાલા
*૧૩ દ્વયાશ્રય કાવ્યમાં સામાજિક માહિતી	શ્રી. રામલાલ ચુ. મોદી
*૧૪ ગુજરાતીઓની અટકોનો ઇતિહાસ	અધ્યા. વિનોદિની નીલકંઠ
૧૫ વાઘરી લોકો	,,
૧૬ ગુજરાતનું મૂર્તિવિધાન	શ્રી. કનૈયાલાલ ભા. દવે
*૧૭ આપણા કવિઓ, ભાગ ૧	પં. કેશવરામ કા. શાસ્ત્રી
૧૮ રણમલ્લછંદની ઐતિહાસિક સમાલોચના	મૌ. સૈયદ અબુઝફર નદવી
૧૯ 'અખો'-એક અધ્યયન	અધ્યા. ઉમાશંકર જે. જોષી
*૨૦ હિંદમાં આર્યભાષાવિકાસ અને હિંદુસ્તાની (અંગ્રેજી)	ડૉ. સુનીતિકુમાર ચાતુર્જ્યા
*૨૧ પુરાતત્ત્વ અને ભારતીય પ્રાચીન ઇતિહાસ (અંગ્રેજી)	ડૉ. હીરાનંદ શાસ્ત્રી

સૂચના:—અં. ૧૮—૧૯ પ્રસિદ્ધ થયાં છે; * આ નિશાનીવાળાં હાલ છપાય છે; બાકીનાં તૈયાર થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar